# ધનસુરા તાલુકાના ૭૦ ટકા ગામો શૌચાલયથી વંચિત

## ફોર્મ ભરાયા પછી કોઈ કાર્યવાહી થઈ નથી : જે બન્યા છે તે ટેન્ડર પ્રમાણે બન્યા નથી

ધનસુરા, તા. ૮

કેન્દ્ર સરકારની સ્વચ્છતા અભિયાનનો જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. ટીવીમાં શૌચાલયોના ઉપયોગ માટે રોજ 'દરવાજાબંધ' શૌચાલયનો ઉપયોગ કરવા જોરશોરથી પ્રચાર થાય છે. સરકાર જાહેરાતો પાછળ લખલૂટ ખર્ચ કરે છે. છતાં આ યોજનાનો જે અમલ થવો જોઈએ તેટલો થતો નથી. આજે પણ અરવલ્લી જિલ્લાના કેટલાય ગામોના ગરીબો ખુલ્લામાં શૌચા માટે જાય છે. સરકારની આ યોજનાનો પ્રચાર જરૂરથી થાય છે.

પરંતુ જે તે વિભાગના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે આ યોજનાનો અમલ થવો જોઈએ. તેટલો થતો નથી. ધનસુરા તાલુકામાં હજુ ૭૦ ટકાથી વધુ ગામોમાં કેટલાય ગરીબોના મકાનો આગળ શૌચાલયો નથી. ખુલ્લામાં જાય છે. જવાબદાર અધિકારી વર્ગ લોકોના ઘેર ઘેર ફરી સર્વે કરી ફોર્મ ભર્યા પછી અત્યાર સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. ધનસુરામાં વડાગામ રોડ ઉપર ટેકરા ઉપર રહેવા ગરીબ પરિવારોના હજુ ૬૦ ટકા ઘરોમાં શૌચાલયના ફોર્મ ભર્યા પછી કોઈ કાર્યવાહી થઈ નથી. શક્તિનગર, જનતાનગર ગામમાં પણ કેટલાય ગરીબો શૌચાલયથી વંચિત છે. આ અંગે તપાસ થાય અને ગરીબોને શૌચાલયનો લાભ મળે તે માટે કાર્યવાહી ઝડપી થાય તે જરૂરી છે.



મોડાસામાં ગૌરીવ્રતના ઉપવાસ રાખી બાલીકાઓ શહેરમાં આવેલી ઓધારી મંદિર ખાતે વ્રતની પૂજા કરી ધન્યતા અનુભવી હતી. મંદિરના પૂજારી અતુલ જોષીએ જણાવ્યુ હતુ કે ગૌરીવ્રત હોવાથી અહીંયા મંદિરે દરરોજ મોટી સંખ્યામાં બાલીકાઓ પૂજા અર્ચના કરવા માટે આવે છે અને વ્રતની પૂજા પાઠ કરી ધન્યતા અનુભવે છે.

# ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એક જ ડૉક્ટર ફરજ બજાવે છે

અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા મથકે આવેલ એક માત્ર સરકારી હોસ્પિટલ અત્યારે ડૉક્ટરો વગર ચાલે છે. ૪ ડોક્ટરોની જગ્યા હોવા છતાં છેલ્લા કેટલાય સમયથી માત્ર એક ડૉક્ટર ૨૪ કલાક ફરજ બજાવે છે. એક સુપ્રિટેન્ડન્ટ છે જેમને મેઘરજનો ચાર્જ આપ્યો હોવાથી રોજ હાજર રહેતા નથી. ડેન્ટીસ્ટની નિમણુંક કરી છે પરંતુ આ ડેન્ટીસ્ટ છેલ્લા કેટલાય સમયથી સાધનોના અભાવે મુશ્કેલી અનુભવે છે.

ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી સમક્ષ પણ ગ્રામ પંચાયત દ્વારા રૂબરૂ લેખિત રજૂઆત કરવા છતાં હજુ સુધી જરૂરી ડક્ટરો, ફાર્માસિસ્ઠની જગ્યા ખાલી છે.

તાલુકાના ગરીબ દર્દીઓ માટે આ હોસ્પિટલ આશિર્વાદરૂપ છે. ત્યારે વિવિધ ક્ષેત્રના ડૉક્ટરોના અભાવે મસમોટો ખર્ચ કરી દેવુ કરી બહારના ડૉક્ટરો પાસે જાય છે. તાલુકામાં ખાનગી દવાખાનામાં એક પણ હાર્ટ સ્પેસિયાલિસ્ટ એમ.ડી. ડૉક્ટર નથી. તો તેની નિમણૂંક થાય તે ખાસ જરૂરી છે. જિલ્લા આરોગ્ય અધિકારી યોગ્ય વ્યવસ્થા કરે તેમ તાલુકાની જનતા ઈચ્છે છે.

# અરવલ્લીમાં ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ

## શાળાઓમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી : ધોરણ-૧૦ ના ૫૦૪ પરીક્ષાર્થીઓ હાજર : ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૭૮૯ પરીક્ષાર્થીઓ હાજર

શિક્ષણ બોર્ડ અને ઉ.માં.શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ૧૨ ની પૂરક પરીક્ષાનો પ્રારંભ અરવલ્લી જિલ્લાના મોડાસા કેન્દ્ર પર શરૂ થયો છે.

એક વિષયમાં નાપાસ થયેલા ધો.૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ નું વર્ષ બગડે નહીં તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે જે માટે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ ની સૂચનાથી જિલ્લા શિક્ષણાધિકારી ઝાલા ના નેજા હેઠળ પરીક્ષા માટે નિયુક્ત ઝોનલ ઓફિસરો દ્વારા અરવલ્લી જિલ્લા ના મોડાસા કેન્દ્ર માં પરીક્ષા કાર્યવાહી નો પ્રારંભ થયો છે.આ પરીક્ષા માટે મોડાસા શહેર ની સાત શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ત્યારે ધો.૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષા માટે ૭૦થી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

તારીખ ૮જુલાઈ થી ૧૧ જુલાઈ સુધી ચાલનારી પરીક્ષા માં પ્રથમ દિવસે ધોરણ ૧૦ની ગુજરાતી વિષય ની પરીક્ષામાં ૨૯ પરિક્ષાર્થીઓ હાજર રહ્યા હતા જયારે પાંચ પરિક્ષાર્થીઓ ગેરહાજર હતા તો ધો.૧૦ના વિજ્ઞાન વિષય ની પરીક્ષા માં ૪૭૫ પરિક્ષાર્થીઓ એ પરીક્ષા આપી હતી અને ૪૦ ગેર હાજર રહ્યા હતા.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માં ગણિત વિષય ની પરીક્ષા માં ૩૨૫ પરિક્ષાર્થીઓ એ પરીક્ષા આપી હતી અને ૫૦ પરિક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.બીજી તરફ જીવ વિજ્ઞાન વિષય માં ૪૬૪ પરિક્ષાર્થીઓ પરીક્ષા આપવા બેઠા હતા અને ૯૫ ગેરહાજર રહ્યા હતા.આમ પ્રથમ દિવસે ધો ૧૦ અને ૧૨ ના કુલ ૧૨૯૩ પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી.ધો.૧૨ સામાન્ય પ્રવાહ ની પરીક્ષા માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ની પરીક્ષા નો પ્રારંભ રવિવારે થઈ રહ્યો છે.





## અરવલ્લી જીલ્લામાં ભાજપ યુવા મોરચાના હોદ્દેદારોની નિમણુંક

અરવલ્લી જીલ્લામાં ભાજપ યુવા મોરચાના સંઘઠનના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, મહામંત્રી સહિત વિવિધ હોદ્દેદારોની નિમણુંકો કરાતાં ભિલોડામાં મઉં ચાર રસ્તા પાસે આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચા સંઘઠન ઉપપ્રમુખ મયંકકુમાર મનુભાઈ ચૌધરી, ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા સંઘઠન પ્રમુખ તેજસકુમાર પટેલ, મહામંત્રી હરેશભાઈ પંચાલ સહિત વિવિધ હોદ્દેદારોની નિમણુંક કરાતાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરોએ ફટાકડા ફોડી આતશબાજી કરી હોદ્દેદારોને ભાજપનો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

# આજે ગુરૂપૂર્ણિમાએ ગઢીમાતાએ ગુરૂપૂજન

અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરાથી ૨ કી.મી. દૂર આવેલ રામજી મંદિર સંચાલિત ગઢીમાતાનો મહિમા દિનપ્રતિદિન વધતો જાય છે. માતાજીના દર્શનાર્થે અસંખ્ય માઈભક્તો આવે છે.

સાત દિવસથી ચાલતી અખંડ રામધૂનનુ આજે ગુરૂપૂર્ણિના દિવસે પૂર્ણાહૂતિ સાથે અસંખ્ય રામભક્તો ગરૂ પૂરણ શરણદાસજીના ચરણ સ્પર્શ કરી પૂજન કરશે. ગુરૂ તમામ ભક્તોને આશિર્વાદ આપશે. અત્યારે ગઢીમાતાજીના દર્શન માટે રોજ માઈ ભક્તો જાય છે. માતાજીના મંદિર જવાનો માર્ગ માઈભક્ત એડવોકેટ નિલેશ જોષી અને ભક્તોના પ્રયાસોથી પાકો બની ગયો છે. ગૌશાળામાં ગાયોની રોજ સેવા થાય છે. ધનસુરાના વિશ્વકર્મા મંદિર અને રામજી મંદિરમાં પણ ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ શ્રદ્ધા ભક્તિથી ઉજવાય છે.



## મોડાસાના ટાઉનહોલમાં શોર્ટસર્કીટથી આગ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર મોડાસા નગરપાલિકા સંચાલિત મહાલક્ષ્મી ટાઉનહોલમાંથી શુક્રવારે બપોરના સમયે ધૂમાડાના ગોટેગોટા નિકળતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. ટાઉનહોલની અંદર આવેલા પાવરરૂમમાં શોર્ટસર્કીટથી આગ લાગતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ટાઉનહોલમાં આગ લાગવાની ઘટનાની જાણ થતા ફાયર ફાયટરની ટીમે ઘટનાસ્થળે ધસી આવી આગ પર કાબુ મેળવતા ફાયર ટીમની સૂચકતાથી ભારે જાનહાની ટળી હતી.

# સાબરકાંઠા કલેક્ટરે આગીયા સ્કૂલની મુલાકાત લીધી

સાબરકાંઠા, તા. ૮

સાબરકાંઠા કલેક્ટર પી. સ્વરૂપ દ્વારા ખેડબ્રહ્મા તાલુકાની આગીયા ખાતે આવેલ મોડેલ સ્કૂલ અને એકલવ્ય રેસીડેન્સીયલ ૧ અને ૨ ની શુક્રવાર સવારના ઓચંતી મુલાકાત લીધી હતી.

સાબરકાંઠાના કલેક્ટર પી. સ્વરૂપ દ્વારા આગીયા ખાતેની ત્રણ સ્કૂલમાં ઓચિંતી મુલાકાત લીધી હતી. જેમાં એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલ ૧ અને ૨માં ક્લાસરૂમમાં ચેકીંગ કર્યું હતું. આ ઉપરાંત બાળકો સાથે પ્રશ્નોત્તરી કરી હતી. ત્યાર બાદ તેમણે બાળકોને આપતા ભોજનાલયમાં જઈ બાળકોને જમવાનુ શુ શુ મળે છે, તેની માહિતી મેળવી હતી.

# પ્રાંતિજના ગળતેશ્વર ખાતે ડુબી ગયેલ છ યુવકોના કેસમાં કોર્ટ દ્વારા નોટીસો અપાઈ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે રહેતાં છ યુવકો પવિત્ર રક્ષાબંધનના દિવસે ગળતેશ્વર નદીમાં ન્હાવા પડેલ યુવકો ડુબી જતાં મોત નિપજ્યું હતું અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી હતી પણ ફરીયાદ લેવામાં ના આવતાં આખો મામલો હાઈકોર્ટમાં ગયો હતો જેમાં પ્રથમ સુનાવણીમાંજ કોર્ટ દ્વારા પ્રાંતિજ પોલીસને દોષિતો સામે ફરીયાદ લેવા પોલીસને સુચન કરવામાં આવી હતી પણ આગળ કાર્યવાહી ના થતાં ફરી તા.૬-૭-૨૦૧૭ના રોજ હાઈકોર્ટમાં રીપીટીશન થતાં કોર્ટ દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે.

પ્રાંતિજના રાસલોડ ગામે રહેતાં છ યુવકો ગળતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીમાં રક્ષાબંધન તા.૧૮-૮-૨૦૧૬ના રોજ છ યવકો પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યું હતું જેને લઈને તા.૧૯-૩-૨૦૧૭ના રોજ પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી પણ ફરીયાદ દાખલ કરવામાં ના આવતાં જેને લઈને ફરીયાદી દિપકભાઈ ચતુરભાઈ દ્વારા હાઈકોર્ટમાં ફરીયાદ કરવામાં આવતાં અને જે તે વખતે હાઈકોર્ટની સુચનાથી લીઝ ધારકો તથા ભૂસ્તરશાસ્ત્રી સામે કોર્ટની સુચનાથી પ્રાંતિજ પોલીસ દ્વારા ફરીયાદ દાખલ કરવાની હતી ફરીયાદ દાખલ ના થતાં દોષિતો સામે ફરીયાદ દાખલ થાય અને સજા થાય તે માટે તા. ૬-૭-૨૦૧૭ ના રોજ હાઈકોર્ટમાં પી.આઈ.એલ દાખલ કરવામાં આવેલ છે જે અંતર્ગત કમિશનર ઓફ માઈનીંગ, પર્યાવરણ ઓથોરીટી અને સાબરકાંઠા જિલ્લા કલેકટરને નોટીસ પાઠવવામાં આવી છે. અને વધુ સુનવણી તા.૨૦-૭-૨૦૧૭ના રોજ યોજાશે ત્યારે જે કોઈ દોષિત હોય તેવોને સજા થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં સુકન્યા યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, એન.આર.એ. વિદ્યાલય આચાર્ય વી.ટી.ચૌહાણ, રાજુભાઈ આચાર્ય સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીનીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ઊંઝા-જૂનાગઢ બસને સાયલા પાસે અકસ્માત : બે ના મોત

ઊંઝા, તા. ૮

આજે વહેલી સવારે ઊંઝા એસ.ટી. ડેપો સંચાલિત જૂનાગઢ-ઊંઝા રૂટની એસ.ટી. બસને સાયલા નજીક ટ્રક સાથે ગમખ્વાર અકસ્માત થતાં બસ ડ્રાઈવર સહિત બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે બસના કંડકટર અને ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વિગત એવી છે કે મહેસાણા એસ.ટી. વિભાગના ઊંઝા ડેપો સંચાલિત ઊંઝા-જૂનાગઢ રૂટની ગુર્જરનગરી બસ તેના નિયત સમયે રાત્રીના જૂનાગઢથી ઉપડીને ઊંઝા જઈ રહી હતી ત્યારે માર્ગમાં સાયલા પાસે વહેલી પરોઢના પોણા ચાર વાગ્યાના સુમારે એક ટ્રક સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસ ડ્રાઈવર વિષ્ણુભાઈ રબારી રહે. મોટી દાઉ, તા. જી. મહેસાણા અને એક મુસાફર મળી બે વ્યક્તિઓના કરૂણ મોત થયા હતા. જ્યારે બસના કંડક્ટર આર. એસ. વ્યાસ અને ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તુરત સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઊંઝા ડેપોના એક સંનિષ્ઠ બસ ડ્રાઈવરનુ અકસ્માતમાં મોત નિપજતા તેમના પરિવારજનો અને ડેપોના અધિકારીઓ, કામદારોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.



હિન્દુ યુવા વાહીની અરવલ્લી દ્વારા આજ રોજ સૂરજબા હાઈસ્કૂલ ગાબટ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરૂ પૂજન અને સાચા ગુરૂનો મહિમા સમજાવવામાં આવ્યો. જેમાં સમગ્ર કાર્યક્રમના પ્રણેતા મહેશ જાગળા, રાજન પ્રણામી દ્વારા ગાબટના કાર્યકરો જયકિશન ભટ્ટ, કિશન રાવલ, દિપત્તેશ પટેલની ઉપસ્થિતિમા કાર્યક્રમ યોજાયો.

# મહેસાણાના હરણાહોડાની પરણિતાની બે સંતાનો સાથે તળાવમાં મોતની છલાંગ

મહેસાણા, તા. ૮

મહેસાણા તાલુકાના હરણાહોડા ગામના એક ઠાકોર જ્ઞાતિના યુવાને પોતાના બે માસુમ સંતાનો સાથે કોઈ અગમ્ય કારણસર ખેરવા ગામની સીમમાં આવેલ કેનાલના તળાવમાં ઝંપલાવતા ત્રણેય જણાઓના કરૂણ મોત નિપજ્યા હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

જાણવા મળ્યા મુજબ હરણાહોડા ગામના ખોડાજી ઠાકોર ઉ.વ. ૩૦ નામના યુવાન પોતાની બે માસુમ પુત્રીઓ ઉ.વ. ૪ અને ઉ.વ. ૭ ને મોટરકારમાં લઈને મોડી સાંજે તળાવ પાસે આવ્યો હતો અને પોતાના બે માસુમ સંતાનો સાથે તળાવમાં ઝંપલાવ્યુ હતુ. આ બનાવની જાણ થતાં મહેસાણા ફાયરબ્રિગેડની ટીમ તરવૈયાઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે શોધખોળ કરીને રાતના અગિયાર વાગ્યાના સુમારે ઠાકોર યુવાનની લાશને બહાર કાઢી હતી. ત્યારબાદ બે માસુમ સંતાનોની લાશોને બહાર કાઢવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેનપદે ચૂંટાયા

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામની ધી ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની વાર્ષિક



સાધારણ સભામાં ચેરમેન પદે સહકારી ક્ષેત્રના અગ્રણી શાંમળભાઈ કે. પટેલની નિમણુંક કરાઈ છે. ધી ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સભાસદો, દુધ ઉત્પાદકો અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# સૌપ્રથમ વખત યાત્રાધામ અંબાજીને પ્લાસ્ટીક ફ્રી જોન જાહેર કરતું જાહેરનામું પ્રસિદ્ધ

બનાસકાંઠા જીલ્લામાં સૌપ્રથમ વખત યાત્રાધામ અંબાજીને પ્લાસ્ટીક ફ્રિજોન જાહેર કરતુંજાહેરનામુંપ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. યાત્રાધામ અંબાજીમાં વેંચાતા વિવિધ પ્લાસ્ટીક સામે પર્યાવરણની સુરક્ષાને સુધારણાં સબંધીંત અધીનીયમ ૧૬૮૬ની કલમ હેઠળ પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીક નાં ઉત્પાદન અને ઉપયોગ અને સબંધીત મામલે પ્લાસ્ટીક ની થેલીઓ ઉપયોગ માં નહીં લેવાં બનાસકાંઠા જીલ્લા મેજીસ્ટ્રેટ દિલિપ રાણા દ્વારા જીલ્લા નાં એક માત્ર તીર્થ સ્થળ અંબાજી ને પ્લાસ્ટીક ફ્રિ જોન માટે નું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યુ છે. અને જે મામલે ૩૦ દિવસ માં વિવિધ વાંધા ને સુચનો પણ લેખીત મંગાવવાં આદેશ કરાયો છે. જોકે આ મામલે સૌપ્રથમ અંબાજી મંદિર ટ્રસ્ટ જે પ્રસાદ પ્લાસ્ટીક ની થેલી માં મુકીને આપતુંહતુ જે હવે તાત્કાલીક અસરથી જ બંધ કરી પ્લાસ્ટીક ની થેલીઓ ને હટાવી લઈ કપડાં ની થેલીઓ નો ઉપયોગ શરૂ કરી દેવાયો છે. જોકે આ મામલે વેપારીઓ ને જાણકારી આપવાં એક બેઠક નું આયોજન કરી પ્લાસ્ટીક નાં વેપારીઓ ને પણ પડેલો માલ પરત કરવાં ને નવો માલ નહીં ખરીદવાં સુચન કરાયાં હતા.

# અરવલ્લીમાં સેવાસેતુ કાર્યક્રમમાં ૬ હજાર પ્રશ્નોનો નિકાલ કરાયો

## મોડાસા, મેઘરજ અને માલપુરમાં યોજાયો કાર્યક્રમ : માલપુરના ૩૪૯૧ પ્રશ્નો ઉકેલાયા

મોડાસા, તા. ૮

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક, સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી છેલ્લા કેટલાક સમયથી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાતું હોય છે ત્યારે અરવલ્લીના મોડાસા, મેઘરજ અને માલપુરમાં આ કાર્યક્રમનું આયોજન કરાતા કુલ ૬૪૭૪ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરાયો હતો.

મોડાસા, મેઘરજ અને માલપુરમાં શુક્રવારે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના લોકોએ આવકના દાખલા, જાતિના દાખલા, ક્રિમિનલ સર્ટી, રેશનકાર્ડ, ડિઝિટલ લોકર, મા અમૃતમ કાર્ડ, કૃષિ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, વિધવા સહાય, આરોગ્ય, પાણી પુરવઠા, વીજળી અને સિંચાઈ વિભાગને લગતા પ્રશ્નો પ્રાંત અધિકારી, તાલુકા મામલતદાર સમક્ષ રજૂ કર્યા હતા ત્યારે જે તે વિભાગના પ્રશ્નો અંગે પ્રાંત અધિકારીએ મધ્યસ્થી કરી મોટાભાગના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કર્યો હતો. મોડાસાના કાર્યક્રમમાં ૧૨૮૯, મેઘરજના કાર્યક્રમમાં ૧૬૯૪ તેમજ માલપુરના સેવાસેતુ કાર્યક્રમમાં ૩૪૯૧ પ્રશ્નો મળી કુલ ૬૪૭૪ પ્રશ્નોનો સ્થળ નિકાલ કરાયો હતો.

# જેસીસ મીલ્ક કમીટી દ્વારા સરસ્વતિ બાલ મંદિરમાં બાળકોને અભ્યાસકીટનું વિતરણ

અરવલ્લી જિલ્લામાં સેવાકીય સંસ્થાઓને દાન આપવામાં ઉદારતા દાખવતી અને મોડાસા શહેરમાં દૂધના વિતરણની જવાબદારી નિભાવતી જેસીસ મીલ્ક કમિટી દ્વારા મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલી સરસ્વતિ બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી.એચ. શાહ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરીયાતમંદવાળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

મોડાસાના ડિપ વિસ્તારમાં આવેલી શ્રી વી. એચ. શાહ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વાળા ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ બેગ, બોલપેન, કંપાસ બોક્સ, પેન્સીલ, રબર અને ચોપડા સહિતની ચીજવસ્તુઓ આપી હતી. જરૂરીયાતમંદવાળા વિદ્યાર્થીઓને અભ્યાસકીટનુ વિતરણ કરવામાં આવતા આનંદ છવાયો હતો. આ કાર્યક્રમમાં જેસીસ મીલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ, મંત્રી મુકુન્દ શાહ, આર.પી. શાહ, હર્ષદ જોષી સહિતના જેસીસ મીલ્ક કમિટીના સદસ્યો અને સરસ્વતિ બાલમંદિર મંડળના ઉપપ્રમુખ નાન્હાલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અમૃતભાઈ રબારીએ જેસીસ મીલ્ક કમિટીનો આભાર વ્યક્ત કર્યો હતો.